જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૧૦/૨૦૧૬ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૧૫/૧૬**

**ખાડીયા પોલીસ સ્ટેશન :**

ચાંદીના વેપારીને છરી બતાવી લુંટ કરતાં આરોપીઓને પકડી પાડતી પોલીસ

પોલીસ કમિશ્નર શ્રી શિવાનંદ ઝા સાહેબ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર – ૧ રાજીવ રંજન ભગત સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન -૩ એન.એ.મુનીયા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી બળદેવભાઇ દેસાઇ સાહેબનાઓની સુચનાથી ખાડીયા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.-૩૩/૨૦૧૬ ધી ઇ.પી.કો.કલમ- ૩૯૪, ૩૪૨, ૩૨૩, ૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબના કામે ગઇ તા.-૦૩/૧૦/૨૦૧૬ ના કલાક-૧૧/૨૦ થી ૧૧/૪૦ વાગ્યા દરમ્યાન માણેકચોક એમ.જી.હવેલી રોડ ઉપર આવેલ ચેતન એન્ડ કંપની નામની ચાંદીની દુકાનમાં ત્રણ અજાણ્યા ઇસમોએ ફરીયાદી શ્રીને છરી બતાવી ઇજા કરી ૧૫ કીલો ચાંદીના ચોરસા કિ.રૂ.-૬,૭૫,૦૦૦/- ની મત્તાની લુંટ કરી નાશી જઇ ગુનો કર્યા વિગેરે બાબતની ફરીયાદ મળેલ જે અંગે આરોપીઓને તાત્કાલીક પકડવા સારૂ અલગ અલગ પાંચ ટીમો બનાવી બનાવ વાળી જગ્યા તથા આસપાસના સી.સી.ટી.વી ફુટેઝ મેળવી આરોપીઓના ચેહરા ઓળખી ફોટાઓ મેળવી આ ટીમો દ્વારા ગુપ્ત બાતમીદારો મારફતે તપાસ કરાવતાં બાતમી હકિકત મળેલ કે, આરોપીઓ ચાણક્યપુરી ઘાટલોડીયા વિસ્તારમાં હોવાની બાતમી આધારે આરોપીઓ (૧) શંકરસિંહ હિંમતસિંહ રાજપુત (૨) દિવ્યાંગ મગનભાઇ પટેલ (૩) અરવિદસિંઘ ઉમેદસિંઘ શેખાવત તથા (૪) કાયદાના સંઘર્ષમાં આવેલ કિશોર નાઓને ૧૦ કીલો ગ્રામ કિ.રૂ.-૪,૫૦,૦૦૦/-ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી લીધેલ છે. અને આરોપીઓને આર્થિક જરૂરીયાત હોય લુંટને અંજામ આપેલાનું જાણવા મળેલ છે. અને આરોપીઓએ અન્ય કોઇ ગુનાઓ આર્ચયા છે કે કેમ તેની તપાસ ચાલુ છે.

આ ગુનાના આરોપી શંકરસીહ હીમંતસીહ રાજપુત નાઓ ફરીયાદીની દુકાનમા છેલ્લા ૨૨ વર્ષથી નોકરી કરતા હોઈ અને ફરીશ્રી ના ધંધાથી સારી રીતે માહીતગાર હોઈ તથા દુકાનની અવર જવરથી માહીતગાર હોઈ જેથી તેની આજુબાજુમા રહેતા અન્ય આરોપીઓ સાથે મળીને ફરીશ્રી ની દુકાનને છેલ્લા ૧૦ દિવસથી રેકી કરી તથા વોચ મા રહી મોકો મળતા આ ગુનાને અંજામ આપેલ. ત્યારબાદ ટીવીએસ કંપનીનુ મો.સા ગુનાના કામે ઉપયોગ કરેલો જે મો.સા દ્વારા આરોપીઓ ફરીશ્રી ની દુકાનથી મીનીબાલા હનુમાન ઢાળની પોળ થઈ ગોળલીમડા ખમાસા થી એલીસબ્રીજ તરફ ગયેલ આરોપીઓની બનાવ વાળી જગ્યા થી એલીસબ્રીજ સુધીના સીસીટીવી ફુટેજ મેળવવામા આવેલ જેમા આરોપીઓ તથા વાહનની ચોક્કસ ઓળખ થતા તેમજ સીસીટીવી ફુટેજ માથી આરોપી ઓના ફોટા મેળવેલ જેના આધારે આરોપી ઓને ચોકકસ બાતમી આધારે પકડી પાડેલ છે .

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)